# તમારા પરિવાર માટે માહિતીની અને સલાહની જરૂર છે?
## (Looking for information and advice for your family?)

તમારા સવાલોના જવાબ શોધવા માટે અને જરૂરી મદદરૂપ માહિતી અને ટેકો મેળવવા માટે વૉરિકશાયર ફેમેલી ઈન્ફોર્મેશન સર્વિસ તમને મદદ કરી શકશે.
અમે આ બાબતો વિષે માહિતી પુરી પાડી શકીએ:

- બધી સ્થાનિક બાળસંભાળ (ચાઈલ્ડકેર) જેમાં ચાઈલ્ડકેરની પસંદગી કરવા માટે સલાહનો પણ સમાવેશ થાય છે, અને ખરચામાં મદદ
- ત્રણ (3 and 4) અને ચાર વરસનાઓ જે વહેલા ભણતર માટે હકદાર છે (અર્લી એજ્યુકેશન એન્ટાઈટલમેન્ટ) તે મફત અપાવવું અને તે ક્યાં ઉપલબ્ધ છે
- અસમર્થતા (ડિસાબિલિટી), માંદગી અને શીખવા માટેની ખાસ જરૂરિયાતો (સ્પેશિયલ એજ્યુકેશન નીડ્સ) માટે ટેકો
- સ્થાનિક શાળાઓમાં અરજી કરવી
- તરૂણ વયનાઓ માટે યુથ ગ્રુપ્સ, પ્રવૃત્તિઓ અને સર્વિસિસ
- સ્થાનિક સર્વિસિનો સંપર્ક કેવી રીતે કરવો અને વધુ ટેકો કેવી રીતે મેળવવો

આ સેવાઓ ઉપરાંત, માહિતીને બીજી કોઈ રીતે પુરી પાડવા માટે તમે અમને પુછી શકો, અથવા તો સલાહકારની સાથે મુલાકાત ગોઠવો જેથી તમારી સ્થાનિક કમ્યુનિટીના સ્થળે તે તમને મળવા આવશે અને તમારી સાથે વાતચીત કરી શકશે.  કૃપા કરી અમારો સંપર્ક કરો.

| | |
|---|---|
| મદદલાઈન: | 0845 090 8044 |
| ઈમેલ: | fis@warwickshire.gov.uk |
| વેબ: | www.warwickshire.gov.uk/fis |

**વૉરિકશાયરમાં બાળસંભાળ અને ભણતર વિષે થોડી ઉપયોગી બાબતો**

- **ડે નર્સરી શીશુઓ તેમજ 0-5 પાંચ વરસ સુધીના બાળકો માટે દિવસની પુરી સંભાળ પુરી પાડે છે**
- **પ્રી-નર્સરી/નર્સરી સ્કૂલ 3-5 ત્રણથી પાંચ વરસના બાળકો માટે દિવસના થોડા સમય માટે (પાર્ટ-ટાઈમ)ની સંભાળ અને વહેલું ભણતર પુરૂ પાડે છે**
- **તમારા બાળકના ત્રીજા 3rd જનમ દિવસ પછી તે જ્યાં સુધી સ્કૂલ શરૂ ના કરે ત્યાં સુધી શાળા સત્ર(ટર્મ)માં તમે મફત અર્લી એજ્યુકેશનની બેઠકો (સેશન્સ)માં જઈ શકો**
- **બાળકો ચારથી પાંચ 4 to 5 વરસના હોય તે વરસે સપ્ટેમ્બરમાં તેઓ એક લોકલ ઓથોરિટી પ્રાથમિક (પ્રાયમરી) શાળામાં ભણવાનું શરૂ કરે**
- **બાળકો અગિયારથી બાર 11 to 12 વરસના હોય તે વરસે સપ્ટેમ્બરમાં તેઓ સેકન્ડરી સ્કૂલ શરૂ કરે**
- **તમારૂં બાળક જે વરસે સપ્ટેમ્બરમાં સ્કૂલ શરૂ કરવાનું હોય તેના આગલા વરસના ઓક્ટોબર સુધીમાં પ્રાઈમરી સ્કૂલમાં તમારે અરજી કરી લેવી જરૂરી છે.**